**Director Developing Caste Welfare**
**Gujarat State, Gandhinagar**

# માર્ગદર્શક સુચનાઓ

**ડિજિટલ ગુજરાત પોર્ટલ પર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ(SEBC), આર્થિક રીતે પછાત વર્ગ (EBC), લઘુમતી (MINORITY), વિચરતી વિમુક્ત જાતિ (NTDNT) અને સા.શૈ.પ.વ પૈકી અતિ-પછાત, વધુ પછાત જાતિ (MOST BACKWARD CLASS) ના વિદ્યાર્થીઓ માટેની પ્રિમેટ્રીક શિષ્યવૃતિ/ગણવેશ સહાય યોજનાઓ માટે શાળાઓએ ઓનલાઇન એન્ટ્રી/દરખાસ્તો (Proposal) કરવા અંગેની અગત્યની માર્ગદર્શક સુચનાઓ**

**(ઉપર મુજબની જાતિઓનુ Caste List તમારા લોગીનમાં Utility માં Caste List ઉપર ક્લિક કરી જાતિ વાઈઝ યાદી જોવા મળશે.**


સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ (S.J.E.D)

નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ,ગુજરાત રાજય,ગાંધીનગર


# Director Developing Caste Welfare

## પ્રિમેટ્રીક શિષ્યવૃતિ/ગણવેશ સહાય યોજનાઓ અંતર્ગત શાળાએ Digital Gujarat Portal પર કરવાની થતી કામગીરીની પધ્ધતિ

➔ [https://www.digitalgujarat.gov.in](https://www.digitalgujarat.gov.in) વેબસાઇટ ઓપન કરવાથી નીચે મુજબની સ્કીન જોવા મળશે જ્યા **Login** બટન પર ક્લીક કરવુ.





➔ લોગીન પર ક્લિક કર્યા બાદ નીચે મુજબની સ્કીન જોવા મળશે જેમા **“School Login / Institution Login”** પર કલીક કરવુ.



# Director Developing Caste Welfare


➔ "**School Login / Institution Login**" પર ક્લીક કર્યા બાદ નીચે મુજબની સ્ક્રીનમાં જણાવ્યા મુજબ **School Login** પર ક્લીક રાખી તમામ શાળાઓને આપવામાં આવેલ "**User Name**", "**Password**"ની મદદથી લોગીન કરવાનુ રહેશે. તમામ શાળાઓને ગત વર્ષમાં શિષ્યવૃતિની કામગીરી માટે ઉક્ત પોર્ટલના **ID/Password** આપવામાં આવેલ જ છે જેની મદદથી શિષ્યવૃતિની ઓનલાઇન કામગીરી કરવાની રહેશે. જો કોઇ શાળા પોતાનો પાસવર્ડ યાદ ન હોય તો તેવી શાળાઓએ "**Forget Password**" કરી નવો પાસવર્ડ બનાવી લેવાનો રહેશે. (જો કોઇ શાળા પ્રથમ વખત જ લોગીન કરતા હોય તો તેના માટે શાળાનો **DISE Code** તેઓનો યુઝર આઇ.ડી રહેશે અને **By Default** પાસવર્ડ તમામ શાળાઓને પરીપત્રથી જણાવવામાં આવેલ છે તે રહેશે જે પ્રથમ વખતના લોગીન માટે રહેશે ત્યારબાદ શાળાએ લોગીન થયેથી પાસવર્ડ બદલવાનો રહેશે.)



# Director Developing Caste Welfare

➔ ઉક્ત સ્કીન મુજ્બ ID-Password નાખી “Login” બટન પર ક્લીક કરતા નીચે મુજબની સ્કીન જોવા મળશે જેમા વર્ષ ૨૦૧૮-૧૯ સીલેક્ટ કરી લોગીન કરવાનુ રહેશે. જેથી નવા શૈક્ષણિક વર્ષમાં કામગીરી કરી શકાશે.

જો વર્ષ ૨૦૧૭-૧૮ સીલેક્ટ કરવામાં આવશે તો વર્ષ ૨૦૧૭-૧૮ના વર્ષ દરમ્યાન જે કામગીરી કરેલ હતી તેની માહિતી ચકાશી શકાશે. પરંતુ વર્ષ ૨૦૧૭-૧૮ના વર્ષ માટે દરખાસ્તો બનાવવાની કામગીરી થઇ શકશે નહિ.



# Director Developing Caste Welfare

➔ વર્ષ ૨૦૧૮-૧૯ સીલેક્ટ કર્યા બાદ નીચે મુજબની સ્કીન જોવા મળશે જે સ્કીન પરથી વર્ષ ૨૦૧૮-૧૯ના શૈક્ષણિક વર્ષની કામગીરી થઇ શકશે.


➔ અગાઉના વર્ષમાં વિદ્યાર્થીઓની એન્ટ્રી અલગ -અલગ ખાતુ પંસદ કરીને કરવાની હતી જ્યારે નવા વર્ષમાં તેમા ફેરફાર કરીને એક જ જગ્યાએથી તમામ વિદ્યાર્થીઓની એન્ટ્રી થઇ શકે તેવી વ્યવસ્થા કરવામાં આવેલ છે. જે નીચેની સ્કીનમાં જણાવેલ છે.

➔ નીચેની સ્કીન મુજબ **“Students Register”**માં જઇ **“Students Entry”** પર કલીક કરતા વિદ્યાર્થીની નવી એન્ટ્રી કરી શકાય છે.

➔ વિદ્યાર્થીઓની એન્ટ્રી એક વખત કરવાની હોય વિદ્યાર્થીઓની તમામ મરજીયાત અને ફરજીયાત વિગતો અવશ્ય નાખવામાં આવે તે વધુ યોગ્ય છે કારણકે આવતા વર્ષે ફરીથી આ વિદ્યાર્થીના ધોરણ સિવાયની માહિતી બદલવાની રહેતી નથી સિવાય કે વિદ્યાર્થીએ અભ્યાસ છોડી દીધેલ હોય.

➔ તમામ વિદ્યાર્થીઓના આધારકાર્ડની વિગતો અવશ્ય આપવાની રહેશે.

➔ તમામ વિદ્યાર્થીઓના બેંક એકાઉન્ટ નંબર, બેંકનુ નામ, બેંક બ્રાન્ચનુ નામ, **IFC Code**ની વિગતો આપવી ફરજીયાત છે કારણકે તેના જ આધારે વિદ્યાર્થીઓના ખાતામાં સીધા શિષ્યવૃતિની રકમ જમા કરવાની હોય છે. વિદ્યાર્થીઓની બેંક ખાતાની વિગતો ખોટી આપવામાં આવશે અને શિષ્યવૃતિ અન્યના ખાતામાં જમા થશે તે અંગેની જવાબદારી શાળા/સંસ્થાની રહેશે જેની તમામ શાળાઓએ નોંધ લેવાની રહેશે.



# Director Developing Caste Welfare

➔ શાળાઓએ પોતાની શાળાના વિદ્યાર્થીઓની નવી એન્ટ્રી/જુની એન્ટ્રીની ખરાઇ તા:૩૧/૦૭/૧૮ સુધીમાં પૂર્ણ કરવાની રહેશે. (સીસ્ટમ દ્વારા ગત વર્ષના તમામ વિદ્યાર્થીઓની એન્ટ્રી એક ધોરણ **UP** કરી વર્ષ ૨૦૧૮-૧૯ માટે ઓટોમેટ્રીક મુકવામાં આવનાર છે જેથી શાળા/સંસ્થાઓએ ગત વર્ષના વિદ્યાર્થીઓની એન્ટ્રી ફરી કરવાની રહેતી નથી માત્ર ને માત્ર વિદ્યાર્થીઓની એન્ટ્રીની ખરાઇ કરવાની રહે છે. એટલે કે જો કોઇ વિદ્યાર્થીની માહિતી ગત વર્ષે ક્ષતિ વાળી એન્ટર થઇ ગયેલ હોય તો તેને સુધારી લેવાની રહેશે.

➔ વિદ્યાર્થીઓની અગાઉની એન્ટ્રી **Student Register** ➔ **"Edit Student Entry"** મેનુમાં જઇને જોઇ શકાય છે / સુધારી શકાય છે / **Delete** કરી શકાય છે.

➔ જો કોઇ વિદ્યાર્થી શાળા છોડી અન્ય શાળામાં ગયેલ હોય તો તેવા વિદ્યાર્થીની એન્ટ્રી ફરજિયાત **Delete** કરવાની રહેશે.

➔ અગાઉના વર્ષના જે વિદ્યાર્થીઓની એન્ટ્રી ના દેખાય તેમાં ગયા વર્ષે સબ કાસ્ટ કે બેન્ક એકાઉન્ટ અપડેટ કરવાનું બાકી હોવાથી ચાલુ વર્ષે **Student Register** પર ક્લીક કરી **Student Entry** માં **SSA Number / Aadhaar Number** થી વિગતો મુજબ ફોર્મમાં જરૂરી વિગતો ભરી બેન્કની વિગતો **Verify** કરી અંતમાં આપેલ **" Save Student Detail "** ક્લીક કરી માહિતી **Submit** કરવાની રહેશે.

➔ દા.ત., લઘુમતીના વિદ્યાર્થીની એન્ટ્રી વખતે **General Select** કરી **Religious Minority select** કરી સા.શૈ.પ.વર્ગ પૈકીની **Sub Caste Select** કરવાની રહેશે. દા.ત. મુસ્લીમ સિપાઇ. આ વિદ્યાર્થીની દરખાસ્ત લઘુમતી યોજનામાં થશે.

➔ દા.ત., જનરલ લઘુમતીના વિદ્યાર્થીની એન્ટ્રી વખતે **General Select** કરી **Religious Minority select** કરી જનરલ પૈકીની **Sub Caste General Select** કરવાની રહેશે. દા.ત. મુસ્લીમ વ્હોરા. આ વિદ્યાર્થીની દરખાસ્ત લઘુમતી યોજનામાં થશે.


# Director Developing Caste Welfare


➔ દા.ત., આર્થિક રીતે પછાત વર્ગ **(General)** વિદ્યાર્થીની એન્ટ્રી વખતે **General Select** કરી જનરલ પૈકીની **Sub Caste General Select** કરવાની રહેશે. દા.ત. હિન્દુ લેઉઆ પટેલ. આ વિદ્યાર્થીની દરખાસ્ત આર્થિક રીતે પછાત વર્ગ યોજનામાં થશે.

➔ **Caste List** ની **SEBC** પૈકીની અતિ પછાત, વધુ પછાત જાતિની આપેલી યાદી મુજબની જાતિઓની દરખાસ્ત **BCK-289 Pre-Matric Scholarship for Most Backward Class Std 1 to 8** પ્રાથમિક માટે શિષ્યવૃત્તિ ભારત સરકારના વધુ દર મુજબ મળવા પાત્ર હોય તેમાં જ દરખાસ્ત કરવી. ધો. ૧ થી ૮ માં ગણવેશ સહાય આ વિદ્યાર્થીઓને રાજ્ય સરકારની યોજનામાંથી મળવા પાત્ર થશે. અલગ દરખાસ્ત બનાવવાની જરૂરીયાત નથી.

➔ **Caste List** ની **SEBC** પૈકીની અતિ પછાત, વધુ પછાત જાતિની આપેલી યાદી મુજબની જાતિઓની દરખાસ્ત **BCK-289 Pre-Matric Scholarship for Most Backward Class Std 9 to 10** માધ્યમિક માટે શિષ્યવૃત્તિ ભારત સરકારના વધુ દર મુજબ મળવા પાત્ર હોય તેમાં જ દરખાસ્ત કરવી.

➔ જે વિદ્યાર્થીઓના બેન્ક એકાઉન્ટ ઇ-પેમેન્ટ કે બેન્ક દ્વારા વેરીફાઈ થયેલા હશે તેટલાની હાલ પ્રપોઝલ બનશે. જેમ જેમ વેરીફાઈ થતા રહેશે તેમ તેમ પ્રપોઝલો મોકલી આપવાની રહેશે.








# Director Developing Caste Welfare

➔ તમામ વિદ્યાર્થીઓની નવી એન્ટ્રી થઇ જાય તેમજ જુના વિદ્યાર્થીઓની ખરાઇ થઇ ગયા બાદ નીચે મુજબની સ્ક્રીનમા દર્શાવ્યા પ્રમાણે **“Print Students Register”** મેનુ પર ક્લીક કરી શાળાના તમામ વિદ્યાર્થીઓની એન્ટ્રી જોઇ શકાશે. અત્રે જો કોઇ વિદ્યાર્થીની એન્ટ્રીમાં ક્ષતિ જણાય તો ફરી **“Edit Student Entry”** મેનુ પર ક્લીક કરી તેવા વિદ્યાર્થીની વિગતો સુધારી લેવાની રહેશે.


➔ અત્રેથી વિદ્યાર્થીઓની એન્ટ્રી **PDF, Word, Excel** ફોરમેટમાં **Extract** કરી શકાય છે.



# Director Developing Caste Welfare

➔ ત્યારબાદ "**Scheme Register**" પર ક્લીક કરતા શાળાના તમામ વિદ્યાર્થીઓ જુદા-જુદા ખાતાની કઇ-કઇ યોજનામાં **Eligible** થાય છે તેનુ લીસ્ટ જોઇ શકાય છે. આ **Eligibility** શાળાએ કરેલ વિદ્યાર્થીઓની એન્ટ્રીના આધારે બને છે જેથી જો કોઇ વિદ્યાર્થી આ રજીસ્ટરમાં અન્ય યોજનામાં **Display** થતો હોય તો તેવા વિદ્યાર્થીની એંટ્રી **Edit** કરવાથી વિદ્યાર્થીની યોજના બદલી શકાશે. આ રજીસ્ટર નીચે મુજબની સ્ક્રીનથી જોઇ શકાય છે.





➔ ઉક્ત તમામ કામગીરી જેવી કે વિદ્યાર્થીની એંટ્રી, અગાઉના વિદ્યાર્થીની ખરાઇ, જે વિદ્યાર્થીઓ શાળા છોડી ગયેલ હોય તેઓને ડીલીટ કરવાની કામગીરી, વિદ્યાર્થીઓનુ રજીસ્ટર ચેક કરવાની કામગીરી, વિદ્યાથી કઇ યોજનામાં **Eligible** થાય છે તે રજીસ્ટર ચેક કરવાની કામગીરી પૂર્ણ થઇ ગયા બાદ વિદ્યાર્થીઓની પ્રપોઝલ બનાવવાની કામગીરી શરૂ કરવાની રહેશે

# Director Developing Caste Welfare

➔ તમામ ખાતા (SC/ST/OBC /Defense)ની દરખાસ્ત (Proposal) બનાવવાની પધ્ધતિ એક જ જેવી છે. ઉદા. તરીકે વિકસતી જાતિ ખાતાની દરખાસ્ત બનાવવાની પધ્ધતિ અત્રે જણાવેલ છે.


➔ નીચે મુજબની સ્ક્રીનમાં જણાવ્યા પ્રમાણે “ **SJED ➔ Director, Developing Caste Welfare ➔ Create Proposal** “ મેનુ પર ક્લીક કરતા વિકસતી જાતિના વિદ્યાર્થીઓની જુદી જુદી યોજનાઓની દરખાસ્તો અત્રેથી બનાવી શકાય છે.





➔ અગાઉના વર્ષમાં ગણવેશ સહાયની તથા શિષ્યવૃતિ યોજનાની પ્રપોઝલ અલગ-અલગ બનાવવામાં આવતી હતી. પરંતુ ચાલુ વર્ષ: ૨૦૧૮-૧૯થી જે વિદ્યાર્થીને ગણવેશ મળવાપાત્ર હશે તે વિદ્યાર્થીઓની ગણવેશ સહાયની પ્રપોઝલ શિષ્યવૃતિ યોજનાની પ્રપોઝલની સાથે જ બની જશે. જેથી ગણવેશ સહાય યોજનાની પ્રપોઝલ અલગથી બનાવવાની જરૂરીયાત રહેતી નથી.

# Director Developing Caste Welfare

➔ **“Create Proposal”** મેનુ પર ક્લીક કરતા નીચે મુજબની સ્ક્રીન જોવા મળશે જ્યાથી **“Scheme Name”** પંસદ કરી **“Show”** બટન પર ક્લીક કરતા શાળાએ જે વિદ્યાર્થીઓની એન્ટ્રી કરેલ હતી તે પૈકી જે વિદ્યાર્થી સીલેક્ટ કરેલ યોજનામાં **Eligible** થતો હશે તે ગ્રીડમાં દેખાશે. અત્રેથી તે વિદ્યાર્થીઓને સીલેક્ટ કરી **“Add to Proposal From Grid”** મેનુ પર ક્લીક કરી પ્રપોઝલમાં એડ કરી પ્રપોઝલ બનાવી શકાય છે. આવી પ્રપોઝલ ને **“SJED ➔ Director, Developing Caste Welfare ➔ Proposal Detail “** મેનુમાં જઇને સેન્ડ કરી શકાય છે.



# Director Developing Caste Welfare

➔ ઉક્ત સ્કીનમાં જણાવ્યા મુજબ **"SJED ➔ Director, Developing Caste Welfare ➔ Proposal Detail "** મેનુમાં જઇ પ્રપોઝલ સેન્ડ કરી શકાય છે, જો પ્રપોઝલમાં કોઇ વિદ્યાર્થી પાછળથી ઉમેરવો હોય તો **"Edit"** બટન પર ક્લીક કરી ઉમેરી શકાય છે, જો પ્રપોઝલ **Delete** કરવી હોય તો **Delete** કરી શકાય છે. તેમજ જો પ્રપોઝલ સેન્ડ કરી દીધેલ હોય અને પાછળથી કોઇ સુધારો જણાયો હોય અને ઉચ્ચકક્ષાએથી તે પ્રપોઝલ પર કોઇ નિર્ણય ન લેવાયેલ હોય તો **"Withdraw"** બટનની મદદથી પ્રપોઝલ પરત ખેચી સુધારો વધારો પણ કરી શકાય છે.

➔ ડીઝીટલ ગુજરાત પોર્ટલના પ્રશ્નો અન્વયે જરૂર જણાયે ડીઝીટલ ગુજરાત પોર્ટલના હેલ્પ ડેસ્ક નં **18002335500** પર સંપર્ક કરવાનો રહેશે.

**ડિજિટલ ગુજરાત પોર્ટલ પર ONLINE ગત વર્ષ ૨૦૧૭-૧૮ ની**
**સારી કામગીરી બદલ સર્વ આચાર્યશ્રીઓનો**
**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ (S.J.E.D)**
**નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ,ગુજરાત રાજય,ગાંધીનગર દ્વારા સહર્ષ**
**આભાર માનવામાં આવે છે.**

**તેમજ ચાલુ વર્ષ ૨૦૧૮-૧૯ માં ONLINE ચોકસાઇ પુર્વક અને ઝડપ થી કામગીરી પુર્ણ કરવા અંગે આચાર્યશ્રીઓ પાસે અપેક્ષા રાખવામાં આવે છે.**

# Details about the plans to be made online through Digital Gujarat Portal (Roll-A) (પત્રક-અ)

## Social Justice & Empowerment Department

## Director, Developing Caste Welfare, Gujarat State, Gandhinagar

## Plan for Primary School

| Sr. No. | Scheme Name | Caste | Standard | Male / Female | Scholarship Rate (Annual) | Uniform Assistance (Annual) | Annual Income Limit | School Details |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | BCK-76-77-85<br>Pre. Matric Scholarship and Uniform Assistance (Std. 1 to 8) | S.E.B.C. | STD- 1 TO 5 | Male / Female | Rs.500/- | Rs.600/- | No Income Limit | Government / Granted Primary School & Ashram Shala |
| | | | STD- 6 TO 8 | Male | Rs.500/- | Rs.600/- | | |
| | | | STD- 6 TO 8 | Female | Rs.750/- | Rs.600/- | | |
| 2 | BCK-76<br>Pre. Matric Scholarship (Std. 9 to 10) | S.E.B.C. | STD- 9 TO 10 | Male / Female | Rs.750/- | 0.00 | Rural Rs.1,20,000/-<br>Urben Rs.1,50,000/- | Government / Granted Secondary School |
| 3 | BCK-76-351-85<br>Pre. Matric Scholarship and Uniform Assistance (Std. 1 to 8) | E.B.C. | STD- 1 TO 5 | Male / Female | Rs.500/- | Rs.600/- | No Income Limit | Government / Granted Primary School & Ashram Shala |
| | | | STD- 6 TO 8 | Male | Rs.500/- | Rs.600/- | | |
| | | | STD- 6 TO 8 | Female | Rs.750/- | Rs.600/- | | |
| 4 | BCK-76<br>Pre. Matric Scholarship (Std. 9 to 10) | E.B.C. | STD- 9 TO 10 | Male / Female | Rs.750/- | 0.00 | Rural Rs.1,20,000/-<br>Urben Rs.1,50,000/- | Government / Granted Secondary School |
| 5 | BCK-76 -85<br>Pre. Matric Scholarship and Uniform Assistance (Std. 1 to 8) | Minority | STD- 1 TO 5 | Male / Female | Rs.500/- | Rs.600/- | No Income Limit | Government / Granted Primary School & Ashram Shala |
| | | | STD- 6 TO 8 | Male | Rs.500/- | Rs.600/- | | |
| | | | STD- 6 TO 8 | Female | Rs.750/- | Rs.600/- | | |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | BCK-76<br>Pre. Matric Scholarship (Std. 9 to 10) | Minority | STD- 9 TO 10 | Male / Female | Rs.750/- | 0.00 | Rural<br>Rs.1,20,000/-<br>Urben<br>Rs.1,50,000/- | Government / Granted Secondary School |
| 7 | BCK-136 - 140<br>Pre. Matric Scholarship (Std. 1 - 8) | NT-DNT | STD- 1 TO 5 | Male / Female | Rs.500/- | Rs.600/- | No Income Limit | Government / Granted Primary School & Ashram Shala |
| | | | STD- 6 TO 8 | Male | Rs.500/- | Rs.600/- | | |
| | | | STD- 6 TO 8 | Female | Rs.750/- | Rs.600/- | | |
| 8 | Dr. Ambedkar Pre. Matric Scholarship<br>(Std. 9 - 10) | NT-DNT | STD- 9 TO 10 | Male / Female | Rs.1500/- | 0.00 | Rural<br>Rs.2,00,000/-<br>Urben<br>Rs.2,00,000/- | Government / Granted Secondary School |
| 9 | BCK-289<br>Pre. Matric Scholarship for OBC Most Backward Class (Std. 1 - 8) | OBC Most Backward Class | D.S- 1 TO 8<br>H.S.-3 TO 8 | Male / Female | Rs.1500/-<br>Rs.5500/- | 0.00 | Rural<br>Rs.2,50,000/-<br>Urben<br>Rs.2,50,000/- | Government / Granted Primary School & Ashram Shala |
| 10 | BCK-289<br>Pre. Matric Scholarship for OBC Most Backward Class (Std. 9 - 10) | OBC Most Backward Class | D.S- 9 TO 10<br>H.S.-9 TO 10 | Male / Female | Rs.1500/-<br>Rs.5500/- | 0.00 | Rural<br>Rs.2,50,000/-<br>Urben<br>Rs.2,50,000/- | Government / Granted Secondary School |

---